# ચૌદમી ગુજરાત વિધાનસભા
# દિવસના કામકાજની યાદી

**દસમું સત્ર**

## બુધવાર, તા. ૧૬મી માર્ચ, ૨૦૨૨

## પહેલી બેઠક

## સવારના ૧૦-૦૦ થી બપોરના ૨-૩૦ વાગ્યા સુધી

**૧. પ્રશ્નોત્તરી**

**તારાંકિત પ્રશ્નોત્તરી**

(૧) માનનીય મહેસૂલ, આપત્તિ વ્યવસ્થાપન, કાયદો અને ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી

(૨) માનનીય કૃષિ, પશુપાલન, ગૌ સંવર્ધન મંત્રીશ્રી

(૩) માનનીય ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી

**૨. માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)**

| પ્રભારી મંત્રીશ્રી | માગણી નંબર | માગણીનો જેની સાથે સંબંધ હોય તે સેવા | | માગણીની રકમ રૂા. | અંદાજપત્ર પ્રકાશન નંબર અને પાના નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | ૫ |
| **સામાન્ય વહીવટ વિભાગ** | | | | | **અં.પ્ર.નં. ૯** |
| મુખ્યમંત્રીશ્રી | ૩૦ | મંત્રી પરિષદ | મહેસૂલ | ૫,૯૮,૫૧,૦૦૦ | ૧૭ અને ૧૮ |
| મુખ્યમંત્રીશ્રી | ૩૧ | ચૂંટણી | મહેસૂલ | ૫,૫૭,૧૭,૮૫,૦૦૦ | ૩૧ થી ૩૩, ૭૧ અને ૭૨ |
| | | | મૂડી | ૯૨,૮૮,૦૦૦ | |
| મુખ્યમંત્રીશ્રી | ૩૩ | સામાન્ય વહીવટ વિભાગ | મહેસૂલ | ૧,૨૪,૬૦,૭૦,૦૦૦ | ૧૯ અને ૨૦, ૩૮ થી ૪૫, ૫૭ થી ૬૧ |
| **માહિતી અને પ્રસારણ વિભાગ** | | | | | **અં.પ્ર.નં. ૧૪** |
| મુખ્યમંત્રીશ્રી | ૫૪ | માહિતી અને પ્રચાર | મહેસૂલ | ૧,૪૦,૩૯,૦૭,૦૦૦ | ૧૪ થી ૨૧ |
| **કાયદા વિભાગ** | | | | | **અં.પ્ર.નં. ૧૬** |
| કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી | ૬૦ | ન્યાયતંત્રનો વહીવટ | મહેસૂલ | ૧૦,૭૪,૦૨,૪૮,૦૦૦ | ૪ થી ૩૫ |

...૨...

## બીજી બેઠક

## બપોરના ૩–૩૦ થી સાંજના ૮–૦૦ વાગ્યા સુધી

**૧. પ્રશ્નોત્તરી**

**તારાંકિત પ્રશ્નોત્તરી**

(૧) માનનીય માર્ગ અને મકાન, વાહન વ્યવહાર, નાગરિક ઉડ્ડયન, પ્રવાસન, યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી

(૨) માનનીય કુટીર ઉદ્યોગ, સહકાર, મીઠા ઉદ્યોગ, પ્રોટોકોલ મંત્રીશ્રી(રાજ્યકક્ષા) (સ્વતંત્ર હવાલો)

(૩) માનનીય શ્રમ અને રોજગાર, પંચાયત મંત્રીશ્રી(રાજ્યકક્ષા) (સ્વતંત્ર હવાલો)

(૪) માનનીય કલ્પસર, મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી(રાજ્યકક્ષા) (સ્વતંત્ર હવાલો)

**૨. વિધાનસભાના મેજ ઉપર મૂકવાના કાગળો**

(૧) દહેઝ સેઝ લિમિટેડનો સન ૨૦૨૦–૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**......માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા (પંચાલ)**

(૨) ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડનો સન ૨૦૨૦–૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**......માનનીય કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ**

(૩) ગુજરાત ઔદ્યોગિક મૂડીરોકાણ નિગમ લિમિટેડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

**......માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા (પંચાલ)**

(૪) ગુજરાત વૃદ્ધિ કેન્દ્ર વિકાસ નિગમ લિમિટેડના સન ૨૦૧૯–૨૦ અને ૨૦૨૦–૨૧ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ સન ૨૦૧૯–૨૦ના અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

**......માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા (પંચાલ)**

(૫) ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

**......માનનીય રાજ્યકક્ષાના પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી મુકેશભાઈ પટેલ**

...૩...

(૬) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ તથા સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક હિસાબ અને તપાસણી અહેવાલ તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદન

**......માનનીય રાજયકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા (પંચાલ)**

(૭) ગુજરાત જૈવવિવિધતા બોર્ડનો સન ૨૦૨૦–૨૧નો વાર્ષિક અહેવાલ

**......માનનીય રાજયકક્ષાના પર્યાવરણ મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા (પંચાલ)**

(૮) માંડલ–બેચરાજી ખાસ મૂડીરોકાણ પ્રાદેશિક વિકાસ સત્તામંડળ ગાંધીનગરના સન ૨૦૧૭–૧૮ અને ૨૦૧૮–૧૯ના વાર્ષિક અહેવાલ અને હિસાબો તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદન

**......માનનીય રાજયકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા (પંચાલ)**

(૯) ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના સન ૨૦૨૦–૨૧ના વાર્ષિક હિસાબો અને ઓડીટ અહેવાલ

**......માનનીય રાજયકક્ષાના શહેરી વિકાસ મંત્રીશ્રી વિનોદભાઇ મોરડીયા**

(૧૦) ગુજરાત માહિતી આયોગનો સન ૨૦૨૦–૨૧નો વાર્ષિક અહેવાલ

**......સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદી**

(૧૧) સન ૨૦૨૧ના ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા (સુધારા) અધિનિયમ અન્વયેના નાણા વિભાગના તા.૦૩/૧૨/૨૦૨૧ના જાહેરનામા ક્રમાંક– જીએચએન–૯૩–પીએફટી–૨૦૨૧–એસ.૧(૨)(૩)ઠ

**......માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ**

(૧૨) સન ૧૯૪૯ના ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ અન્વયેના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૩૧/૦૩/૨૦૨૧ના જાહેરનામા ક્રમાંક– કેવી–૨૦૨૧નો ૩૫–જીએમસી–૧૦૨૦૧૦–૫૬૩૬–પી તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

**......માનનીય રાજયકક્ષાના શહેરી વિકાસ મંત્રીશ્રી વિનોદભાઇ મોરડીયા**

## ૩. વિધાનસભાની સમિતિઓના અહેવાલોની રજૂઆત

(૧) સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિના ચોથા અહેવાલની રજૂઆત

**.....સમિતિના માનનીય પ્રમુખશ્રી વલ્લભભાઇ કાકડીયા/સભ્યશ્રી**

(૨) સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના આઠમા અહેવાલની રજૂઆત

**.....સમિતિના માનનીય પ્રમુખશ્રી પ્રવિણભાઇ ઘોઘારી/સભ્યશ્રી**

## ૪. સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના માનનીય પ્રમુખશ્રી પ્રવિણભાઇ ઘોઘારી/સભ્યશ્રીનો પ્રસ્તાવ

‘‘ આ સભાગૃહ, સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના આઠમા અહેવાલ સાથે સંમત થાય. ’’

## ૫. માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

| પ્રભારી મંત્રીશ્રી | માગણી નંબર | માગણીનો જેની સાથે સંબંધ હોય તે સેવા | | માગણીની રકમ રૂા. | અંદાજપત્ર પ્રકાશન નંબર અને પાના નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | ૫ |
| **ગૃહ વિભાગ** | | | | | **અં.પ્ર.નં. ૧૨** |
| મુખ્યમંત્રીશ્રી | ૪૨ | ગૃહ વિભાગ | મહેસૂલ | ૨૩,૯૩,૯૭,૦૦૦ | ૧૨ થી ૧૭ |
| મુખ્યમંત્રીશ્રી | ૪૩ | પોલીસ | મહેસૂલ | ૬૧,૦૬,૨૭,૩૮,૦૦૦ | ૧૮ થી ૫૬ |
| જેલ મંત્રીશ્રી(રા.ક.) | ૪૪ | જેલ | મહેસૂલ | ૧,૯૦,૪૭,૯૦,૦૦૦ | ૫૭ થી ૬૪ |

## ૬. બિન–સરકારી કામકાજ

### (૧) બિન–સરકારી વિધેયક

**દાખલ કરવાનું બિન–સરકારી વિધેયક**

સન ૨૦૨૨નું ગુજરાત લઘુમતી કલ્યાણ અને સંરક્ષણ વિધેયક

**......માનનીય સભ્યશ્રી ઈમરાન ખેડાવાલા**

### (૨) બિન–સરકારી સંકલ્પો

**(૧) માનનીય સભ્યશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાનો સંકલ્પ**

**૫૯ મિનિટ**

પ્રાકૃતિક ખેતી એ માત્ર ખેતી જ નહિ પણ જીવનદર્શન છે. રાસાયણિક ખાતર અને દવાઓના વધુ પડતા ઉપયોગના કારણે કુદરતી તત્વો જેવાં કે જળ, જમીન અને હવા એ ત્રણેય તત્વોને થયેલા ગંભીર નુકશાનના દુષ્પ્રભાવને નિવારવા માટે ‘‘પ્રાકૃતિક ખેતી’’ તરફનું પ્રયાણ એ ક્રાંતિકારી પરિવર્તન છે. આ પરિવર્તન ખેડૂતોની સાથોસાથ પ્રકૃતિનું પણ સંરક્ષક બની રહેશે. આજે દેશ અને રાજ્યના હજારો કિસાનો પ્રાકૃતિક કૃષિ સાથે જોડાયા છે. ગુજરાતના ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વાળવાના આ મહાઅભિયાનનું નેતૃત્વ રાજ્ય સરકારે લીધું છે. પ્રાકૃતિક ખેતીના પ્રચાર–પ્રસાર માટે સુભાષ પાલેકર પ્રાકૃતિક કૃષિ તાલીમ કાર્યશાળાના કાર્યક્રમો સમયાંતરે રાખવામાં આવે છે.

સમગ્ર વિશ્વ આજે અનેક પ્રકારના પડકારોનો સામનો કરી રહ્યું છે. તે પૈકી જળ અને વાયુ પરિવર્તન એ વિશ્વ સામેનો એક મોટો પડકાર છે. પ્રકૃતિ સાથે છેડછાડ કરવાના કારણે સમગ્ર વાતાવરણ પ્રદૂષિત થયું છે. આજે શુધ્ધ પાણી, શુધ્ધ હવા કે શુધ્ધ ખોરાક મેળવવા અશક્ય બની ગયેલ છે ત્યારે આપણા માટે કુદરત તરફ પાછા વળવાનો સમય આવી ગયો છે. ખેડૂતો રાત–દિવસ મહેનત કરી અન્ન પેદા કરે છે. પરંતુ આધુનિક રીતે કરવામાં આવતી રાસાયણિક ખેતીમાં વધેલ ખર્ચને કારણે તેને આર્થિક હાડમારી ભોગવવી પડે છે. અનુભવે એ તારણ બહાર આવ્યું છે કે, પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને ખેતી અંગેનો ખર્ચ ઘટવાની સાથે તેમની આવકમાં પણ વધારો થયો છે. તેથી રાસાયણિક ખેતીને તિલાંજલિ આપી, આપણી પ્રાચીન ઋષિ પરંપરા અનુસાર ગાયના છાણ આધારિત પ્રાકૃતિક કૃષિ અપનાવવા ખેડૂતોને આગળ લાવવા પ્રશિક્ષિત કરવા જરૂરી છે.

રાજ્યની ચારેય કૃષિ યુનિવર્સિટીઓમાં પ્રાકૃતિક ખેતીના વિકાસ અને વિસ્તરણ માટે વૈજ્ઞાનિક પધ્ધતિથી સંશોધનો હાથ ધરવામાં આવ્યાં છે. ખેડૂતોને દાહોદ અને દેવાતજ કૃષિ વિજ્ઞાન કેન્દ્રોમાં જીવામૃત અને ઘન જીવામૃત બનાવવા અંગેની તાલીમ આપવામાં આવી રહી છે. પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને ખેત પેદાશોના યોગ્ય ભાવ મળી રહે તે માટે રાજ્યના દરેક જિલ્લામાં બજાર વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. ખેડૂતોને પ્રાકૃતિક ખેતી માટે સારી જાતના બિયારણોની પસંદગી કરવા માટે માર્ગદર્શન આપીને અદ્યતન માહિતીથી વાકેફ કરવા જરૂરી છે. રાસાયણિક ખાતર અને દવાઓના વધારે પડતા ઉપયોગથી પ્રકૃતિને ખૂબ જ નુકશાન થઇ રહ્યું છે, જેથી હવે તેનું જતન કરવાની ખૂબ તાતી જરૂરિયાત છે.

આથી ગુજરાતના ખેડૂતોને રાસાયણિક ખાતર અને દવાઓના ઉપયોગથી જમીનને થતા નુકશાન અંગે સમજ આપી તેઓ પ્રાકૃતિક ખેતી અપનાવતા થાય તે માટેના ઘનિષ્ઠ પ્રયાસો હાથ ધરવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

**(૨) માનનીય સભ્યશ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાનો સંકલ્પ**

**૫૯ મિનિટ**

રાજય સરકાર દ્વારા સુવ્યવસ્થિત આયોજન થકી ઘરઆંગણે આરોગ્ય સુવિધા મળી રહે તે માટે આરોગ્યતંત્રને અત્યાધુનિક માળખાકીય સવલતોથી સજ્જ કરવામાં આવ્યું છે. ગ્રામીણ ક્ષેત્રોમાં ત્વરીત આરોગ્ય સુવિધાઓ પ્રાપ્ત થાય તેવા પ્રકારની કાર્યપ્રણાલી રાજયનું આરોગ્યતંત્ર નિભાવી રહ્યું છે. ૧૦૮ની સેવા, પી.એચ.સી અને સી.એચ.સી સેવાઓને વધુ અસરકારક બનાવવા તેમજ વિવિધ આરોગ્યલક્ષી અભિયાનો થકી વધુને વધુ નાગરિકો સુધી પહોંચવાનું રાજ્ય સરકારનું લક્ષ્ય રહ્યું છે. ગુજરાતના લોકોને નિરામય આરોગ્ય પ્રાપ્ત થાય તે માટે ૨૦૨૧ના વર્ષમાં જન આરોગ્ય અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું અને જેને ૧૦૦ દિવસ સુધી ચલાવવામાં આવ્યું હતું. તેમાં વિક્રમી સંખ્યામાં નાગરિકોને આવરી લઈ નિરામય ગુજરાત અભિયાન સાકાર કરવાનો બહોળો પ્રયાસ કરવામાં આવ્યો હતો, જેને લોકો તરફથી ખૂબ જ મોટો પ્રતિસાદ સાંપડયો હતો.

રાજ્યના દરેક ગરીબ અને જરૂરિયાતમંદ કુટુંબને નિયત માપદંડો પ્રમાણે **PMJAY-MA** કાર્ડથી લાભાન્વિત કરાવવા, હોસ્પિટલમાં સારવાર અર્થે આવતા દર્દીઓને સરળતાથી વિના વિલંબે શ્રેષ્ઠ સારવાર મળી રહે તે હેતુથી ગ્રીન કોરીડોર ઊભા કરવા, ઘેરબેઠાં દર્દીઓ માટે ટેલિમેડિસિન સેવા ઉપલબ્ધ કરાવવી અને નેશનલ ડિજિટલ હેલ્થ મિશન અંતર્ગત આરોગ્ય સંલગ્ન તમામ સેવાઓ અને સુવિધાઓને એક જ માધ્યમ દ્વારા ઉપલબ્ધ કરાવીને લીંક કરવાની દિશામાં આરોગ્ય વિભાગ પ્રયત્નશીલ છે અને જેનો સળંગ ચોથા વર્ષે સમગ્ર રાજ્યમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય–આયુષ્માન(**PMJAY-MA**) યોજના અંતર્ગત “આપ કે દ્વાર આયુષ્માન” મેગા ડ્રાઈવનો પ્રારંભ અમદાવાદની સિવિલ હોસ્પિટલથી કરવામાં આવ્યો હતો. આમ, હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ થતા દર્દીઓ માટે રિસ્પોન્સ ટાઈમ ઝડપી બને, દર્દીને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા નવતર પહેલ હાથ ધરી **PMJAY-MA** યોજનાના લાભાર્થીઓના હિતાર્થે સરકારી હોસ્પિટલમાં ગ્રીન કોરીડોર વ્યવસ્થાપનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યોજના જન–જનમાં પ્રચલિત બનાવી મહત્તમ લોકોને લાભ મળી રહે તે માટે કુટુંબદીઠ

નહીં પણ વ્યક્તિ દીઠ અલાયદું કાર્ડ કાઢી આપવાની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે અને નિયત માપદંડો ધરાવતા લાભાર્થીઓને જિલ્લા હોસ્પિટલ, તાલુકા હોસ્પિટલ, સી.એચ.સી સંલગ્ન ખાનગી હોસ્પિટલો, સી.એચ.સી, (n) કોડ સેન્ટર, **UTI- ITSL, E-GRAM** પરથી **PMJAY-MA** કાર્ડ કાઢી આપવામાં આવે છે. આ માનવતાવાદી સેવાનો મહાયજ્ઞ આગળ ધપાવી રાજ્યના જરૂરિયાતમંદ વ્યક્તિઓને આ યોજનાનો ઝડપથી લાભ મળી રહે તેમજ આ કાર્ડ લોકોને ઝડપથી ઉપલબ્ધ થાય તે માટે અસરકારક આયોજન કરવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

**×× (૩) માનનીય સભ્યશ્રી પ્રદ્યુમનસિંહ જાડેજાનો સંકલ્પ**

માનવ જીવનની પાયાની જરૂરિયાતો પૈકી પાણી મુખ્ય જરૂરિયાત છે. જળ વગર જીવન શક્ય જ નથી. તેથી, સૃષ્ટિ પરના દરેક જીવજંતુ અને પ્રાણીઓને પાણી મળવું જોઇએ. જો કે, વન્યપ્રાણીઓ અને જીવજંતુઓ તો પાણીની વ્યવસ્થા જાતે જ કરી લે છે. પરંતુ, સામાજિક પ્રાણી એવા મનુષ્યે સ્વયં રીતે પાણીની વ્યવસ્થા ગોઠવવી પડે છે.

માનવ જીવન માટે સ્વચ્છ હવા બાદ શુદ્ધ પાણી સૌથી વધારે મહત્વનું પરિબળ છે. પ્રાચીનકાળમાં માણસ જ્યાં પાણીની વિપુલ પ્રમાણમાં માત્રા હોય ત્યાં વસવાટ કરતો હતો. એથી જ તો દુનિયાના મોટાભાગના દેશોની સંસ્કૃતિનો નદી કિનારે ઉદ્ભવ થયેલ છે. આજે પણ તે એટલું જ સત્ય છે. પ્રાચીનકાળથી ભારતમાં દેશના મુખ્ય રસ્તા પરથી આવતા વટેમાર્ગુઓ માટે પાણીની પરબ બનાવવામાં આવતી, જેનું એક આગવું મહત્વ હતું અને આજે પણ તે પૂણ્યનું કાર્ય ગણાય છે. આમ, ભારતમાં જળનો ઈતિહાસ ખૂબ જ ગહન રહ્યો છે.

પીવાના પાણીની વ્યવસ્થાની વાત કરીએ તો પહેલાંના સમયમાં ગુજરાતના ગ્રામીણ વિસ્તારમાં પીવાનું પાણી દિવસમાં એકવાર આવતું, તે પણ ગામના પાદરે ગ્રામ પંચાયત દ્વારા પીવાના પાણીના સામૂહિક નળની વ્યવસ્થા કરવામાં આવતી હતી અને ત્યાંથી પીવાનું પાણી ભરવામાં આવતું હતું. મહિલાઓ એક માટલા ઉપર બીજું માટલું મૂકીને પાણી ભરતી હતી. ક્યારેક તો પૂરતું પાણી પણ મળતું ન હતું. સમય જતાં ગામની શેરી કે મહોલ્લામાં પાણીના નળની સુવિધા કરવામાં આવી તેમાં પણ જરૂરિયાત મુજબનું પાણી મળતું નહીં.

રાજ્ય સરકાર દ્વારા ગુજરાતના અલગ અલગ જળશાયો અને ડેમો પર પીવાના શુધ્ધ પાણી માટે પાણીનું શુદ્ધિકરણ કરવાના પ્લાન્ટની શરૂઆત કરવામાં આવી. આજે નર્મદા યોજના, ધરોઈ યોજના તેમજ અન્ય ડેમો અને સૌની યોજના જેવી યોજનાઓ અંતર્ગત ગુજરાતની પ્રજાને પીવાનું શુધ્ધ પાણી આપવામાં આવી રહ્યું છે.

રાજ્ય સરકાર દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં લોકોના ઘર સુધી પીવાનું શુદ્ધ પાણી મળી રહે તે માટે ''નલ સે જલ યોજના'' અમલમાં મૂકવામાં આવી છે. કેન્દ્ર સરકાર દ્વારા આ યોજનાને ૨૦૨૪ના વર્ષ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. એટલે કે ૨૦૨૪ના વર્ષના અંત સુધીમાં રાજ્યના દરેક ગામમાં નળ દ્વારા ઘરે ઘરે પાણી પહોંચાડવામાં આવશે પરંતુ રાજ્યની વર્તમાન સરકારે આ લક્ષ્યાંક ૨૦૨૨ના વર્ષના અંત સુધીમાં પૂરો કરવાનું બીડું ઝડપ્યું છે. જેના અનુસંધાને નલ સે જલ યોજનાના અમલીકરણ માટે રાજ્ય અને જિલ્લા કક્ષાએ પીવાનું પાણી પહોંચાડવા માટે સ્વચ્છતા મિશનની સ્થાપના કરવામાં આવી છે. ગ્રામ પંચાયતોમાં લોક સ્વાસ્થ્ય સંચાલન વિભાગ દ્વારા આ યોજનાનો લાભ આપવામાં આવનાર છે.

...૭...

''નલ સે જલ યોજના'' અંતર્ગત રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં પીવાનું શુદ્ધ પાણી પૂરૂ પાડવા માટે પાઈપલાઈનનું માળખું તૈયાર કરવામાં આવી રહ્યું છે ત્યારે જલ જીવન મિશન રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલા સમયગાળામાં જ સાકાર કરવા, જીવન ઉપયોગી પીવાનું શુધ્ધ પાણી રાજ્યના ઘરે ઘરે પહોંચાડવાની રાજ્ય સરકારની ''નલ સે જલ'' યોજનાની કામગીરી ઝડપી બનાવવા અને તેના અમલીકરણ માટે અસરકારક પગલાં હાથ ધરવા માટે આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

---

**×× માનનીય સભ્યશ્રી પ્રદ્યુમનસિંહ જાડેજાનો સંકલ્પ નિયમ–૧૧૭(૫)ના પરંતુકની જોગવાઇને આધીન છે.**

**વિધાનસભાગૃહ,**
**ગાંધીનગર.**
**તા. ૧૫મી માર્ચ, ૨૦૨૨**

**ડી. એમ. પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**